ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૬ જુલાઈ, ૨૦૨૬

# કોકરોચ અને મંત્રી: બૅરિકેડની બીજી તરફ પહોંચતાં જવાબદારી કેમ ભુલાઈ જાય છે?

દેશમાં જે સંજોગો છે તે જોતાં બીજા કોઈ મુદ્દા વિશે વાત કરવાની ઈચ્છા થાય એવું છે જ નહીં. ગયા અઠવાડિયે જેમ મેં લખ્યું હતું ત્યારે વાક્યને હજી કર્તા નહોતો મળ્યો: પેપર ફૂટ્યું, પરીક્ષા રદ થઈ, તપાસ હાથ ધરાઈ અને એ વાક્યમાં જે મંત્રી હોવા જોઈએ હતા તેઓ જ્યાં હતા ત્યાં જ રહ્યા. આ અઠવાડિયે વાક્યને ક્રિયાપદ મળ્યાં અને એ તો વધુ ખરાબ હતાં. 20મીએ સંસદ તરફ કૂચ કરી રહેલા વિદ્યાર્થીઓની વાત સાંભળવાને બદલે તેમને અશ્રુવાયુ અને લાઠીઓ મળી; પ્રશ્નને સંસદમાં પ્રવેશવા દેવાને બદલે ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી. આજે વડાપ્રધાને આખરે જવાબ આપ્યો; કોઈનું નામ લીધા વિના, પરંતુ ફાસ્ટ-ટ્રૅક કોર્ટ્સની ખાતરી આપીને; જાણે આ નિષ્ફળતામાં ઝડપ જ એકમાત્ર ખૂટતી કડી હોય. કોકરોચ જનતા પાર્ટી હજી સુધી, આ લખાય છે ત્યારે, એક ન્યૂઝ સાઈકલ પૂરતી પણ ભૂલાઈ નથી; થોડા જ કલાકોમાં તેણે સ્પષ્ટપણે કહી દીધું કે વધુ ઝડપી કોર્ટથી જવાબદાર કોણ છે એ સવાલનો જવાબ મળતો નથી. તેની વાત સાચી હતી. પરંતુ એ સવાલની નીચેનો વધુ અઘરો સવાલ હવે બે ધારની તલવાર જેવો બની રહ્યો છે.

ગયા અઠવાડિયે ઘા માત્ર કાગળ પરના આંકડા હતા. આ અઠવાડિયે એ ઘાને હૉસ્પિટલનો બેડ મળ્યો છે. તબિયત લથડ્યા બાદ બળજબરીથી સફદરજંગ હૉસ્પિટલમાં ખસેડવામાં આવેલા સોનમ વાંગચુકે આખરે 26 દિવસ પછી, 23 જુલાઈની મોડી રાત્રે, કેન્દ્ર સરકાર સાથેની વાતચીત બાદ પોતાનો ઉપવાસ તોડ્યો. દરમિયાન વડાપ્રધાનની ફાસ્ટ-ટ્રૅક કોર્ટ્સની વાત બરાબર ત્યારે આવી પહોંચી જ્યારે આવવાની અપેક્ષા હોય, હિન્દી ફિલ્મની પોલીસની માફક–કૂચ થઈ ગયા પછી, અશ્રુવાયુ છૂટ્યા પછી અને વિરોધના સ્થળની વ્યવસ્થા સંભાળવાની જેમની જવાબદારી હતી એ જ પોલીસને એક માણસને ત્યાંથી ઊંચકીને લઈ જવો પડ્યો એ પછી. ઝડપની વાત કરવા માટે સરકારને અવાજ મળી ગયો. માફી માગવા માટેનો અવાજ તેને હજી મળ્યો નથી. 21મી જુલાઈએ વડાપ્રધાને પોતાનું મૌન તોડ્યું ખરું, પરંતુ માફી માગવા માટે નહીં, રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર વિદ્યાર્થીઓને 'રાજકીય સાધન' તરીકે વાપરવાનો આરોપ મૂકવા માટે. અવાજ મળ્યો, પરંતુ જવાબદારી સ્વીકારવા માટે નહીં; બીજા પર દોષનો ટોપલો ઢોળવા માટે.

20મી જુલાઈના દિવસે આંદોલનની શિસ્તનું પ્રદર્શન થવાનું હતું. એ કૂચ હતી, ટોળાશાહી નહીં. પરવાનગી વગરની શાંતિ કૂચ યોગ્ય નહોતી, એ સાચું; પરંતુ વ્યવસ્થા તો બૅરિકેડની બન્ને તરફ ખોરવાઈ ગઈ. પોલીસે ટોળાનો સામનો લાઠીઓ અને અશ્રુવાયુથી કર્યો; સોથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા. પરંતુ એ જ ટોળામાં પોતાનું કામ કરી રહેલા પત્રકારો પણ પોતાના જ લોકોનું નિશાન બન્યા. ત્રણ અઠવાડિયાંથી ધરણાંનું રિપોર્ટિંગ કરી રહેલા ટાઈમ્સ નાઉના દેવ કોટકના કહેવા પ્રમાણે, દેખાવકારો 'ગોદી મીડિયા'ના નારા લગાવી રહ્યા હતા ત્યારે તેમને મુક્કા અને લાતો મારવામાં આવ્યાં; તેમનાં ચશ્માં ઝૂંટવી લેવાયાં, ખિસ્સામાંથી ફોન ખેંચી લેવામાં આવ્યો અને પછી ધક્કો મારીને તેમને જમીન પર પાડી દેવાયા. જોકે એ જ દેખાવકારોમાંથી કેટલાકે ભેગા થઈ માનવસાંકળ રચીને તેમને સલામત બહાર કાઢ્યા. તેના બીજા જ દિવસે કૂચનું રિપોર્ટિંગ કરી રહેલી બે મહિલા પત્રકારો સાથે છેડછાડ કરવામાં આવી અને તેમના પર હુમલો થયો. આ જે થયું એ તો ખોટું હતું જ. શાંતિથી વિરોધ કરનારાઓમાં આવા ખેપાનીઓ ક્યાંથી ભળ્યા? જોકે આમાંથી કશું જ પોલીસની લાઠીઓ કે અશ્રુવાયુને




**ક્યારેક પેપર લીક સામે લડતાં લાઠી ખાનારા ધર્મેન્દ્ર પ્રધાન આજે એ જ માગણી કરતા વિદ્યાર્થીઓની સામે છે, પરંતુ સવાલ માત્ર તેમના રાજીનામાનો નથી, પ્રધાન બદલાય તોય પેપર ફૂટતું રહે એવી વ્યવસ્થા કોણ બદલશે?**

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

વાજબી ઠેરવતું નથી. પરંતુ આ આંદોલનની નૈતિક સત્તા અને તાકાત એ વાતમાં છે કે તે જે વ્યવસ્થા પર આરોપ મૂકે છે, તેના કરતાં પોતે વધુ શિસ્તબદ્ધ રહે. જો એ જ આંદોલન કયા પત્રકારને સલામત રહેવાનો અધિકાર છે અને કોને નથી, એ નક્કી કરવા માંડે, તો ચિંતા થાય. પછી એ લોકો લોકશાહી અને બંધારણની વાત કરે ત્યારે સવાલ થાય કે તેમને પોતે શું કરી રહ્યા છે તેની ખરેખર ખબર છે ખરી? પત્રકારના હાથમાંથી ઝૂંટવી લેવાતો દરેક ફોન સરકારનું કામ સરળ કરી આપે છે; એ મંત્રીના મૌનની વાતને ટોળાની ગેરવર્તણૂકની વાતમાં ફેરવી નાખે છે. વધુ સલામત અંતરે બેસીને ઑનલાઈન ટ્રોલ્સ આ કામ પહેલેથી જ કરી રહ્યા હતા. એકતા માટે બનાવાયેલા હૅશટૅગ્સના આશરા હેઠળ અપશબ્દોને આગળ ધપાવી રહ્યા હતા. બુધવાર સાંજ સુધીમાં CJPએ કોટક પરના હુમલાને અસ્વીકાર્ય ગણાવી તેની નિંદા કરી હતી, પરંતુ તેના બીજા દિવસે બે મહિલા પત્રકારો પર થયેલા હુમલા વિશે જાહેરમાં કશું કહ્યું નહોતું. એ જ ટ્રોલિંગ હવે મંત્રીના ઘર સુધી પહોંચી ગયું છે. ધર્મેન્દ્ર પ્રધાનની દીકરી નૈમિષા અમેરિકામાં લૉનું શિક્ષણ લઈ રહી છે. તેનું એટલું ટ્રોલિંગ થયું કે તેણે પોતાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બંધ કરી દેવું પડ્યું. તેનો 'ગુનો' માત્ર એટલો જ હતો કે તેના પિતા ભારતની શિક્ષણ વ્યવસ્થા સંભાળે છે અને પોતે વિદેશમાં ભણે છે. આ એક જ સવાલ છે, જે વિરોધીઓ પૂછી રહ્યા છે; પરંતુ જવાબ માગવાને બદલે તેમણે એક યુવતીના અંગત જીવન પર હુમલો કર્યો. આવી ચેષ્ટા આ આંદોલનની નૈતિકતાને નબળી પાડનારી છે. ભારતમાં આવું કંઈ પહેલીવાર નથી થયું. 1974માં ગુજરાતના એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ મેસના બિલના વિરોધમાં શરૂ કરેલું આંદોલન આગળ જતાં નવનિર્માણ આંદોલન બન્યું અને એક મુખ્યમંત્રીને ખુરશી પરથી ઉતરવું પડ્યું. એક વર્ષ પછી 'સંપૂર્ણ ક્રાંતિ'ના જયપ્રકાશ નારાયણના આહ્વાને એ આક્રોશને રાષ્ટ્રીય ભાષા આપી. બન્ને વખતે સત્તાને બહુ મોડેથી સમજાયું કે કોઈ નાની અને ચોક્કસ ફરિયાદ ખરેખર ક્યારેય નાની હોતી નથી.

એક રસપ્રદ બાબત એવી છે કે તેમના મંત્રાલયની બહાર વિરોધ કરી રહેલાઓને કાં તો ખબર નથી અથવા તો બધા જ એ જાણે છે, પરંતુ કોઈ તેનો ઉલ્લેખ નથી કરી રહ્યું. ધર્મેન્દ્ર પ્રધાન એક સમયે બરાબર ત્યાં જ ઊભા હતા, જ્યાં આજે આ વિદ્યાર્થીઓ ઊભા છે. 1997માં ABVPના યુવા કાર્યકર તરીકે તેમણે ઓડિશા સરકાર સામે કથિત પરીક્ષાનું પેપર ફૂટવાના મુદ્દે વિરોધ યોજવામાં મદદ કરી હતી. અંદાજે દોઢ હજાર વિદ્યાર્થીઓએ ભુવનેશ્વરમાં સચિવાલય તરફ કૂચ કરી હતી. પોલીસની કાર્યવાહી ત્યારે પણ નરમ નહોતી. એક અહેવાલ અનુસાર, તેમની સાથે વિરોધમાં જોડાયેલા એક સાથીના કહેવા પ્રમાણે, પ્રધાનને એટલો ખરાબ રીતે માર મારવામાં આવ્યો હતો કે તેમને અનેક ફ્રૅક્ચર થયાં હતાં.

અનુસંધાન પાના નં. 4

## બાય ધી વે

જે સુધારા માટે કોઈ વિરોધ કરી રહ્યું નથી, એ છે એવી પરીક્ષા વ્યવસ્થા, જેનું ઓડિટ બેન્કોની જેમ થાય; ખરાબ હવામાન માટે માફી માગીએ એવી રીતે આ બાબતમાં પણ માફી માગીને વાત પૂરી ન કરી દેવાય. અને એ સંવાદ વહેલો શરૂ થયો હોત તો કદાચ આટલે સુધી વાત પહોંચી જ ન હોત. સરકારે શરૂઆતમાં જ સાંભળ્યું હોત તો બેરિકેડ, લાઠી અને હોસ્પિટલના બેડ સુધીની આ આખી સફર ટાળી શકાઈ હોત. પરંતુ વિદ્યાર્થી આંદોલનો રાજકારણીઓ માટે વોર્મ-અપનો અખાડો પહેલાં પણ રહ્યા છે અને આજે પણ છે. એ અખાડામાં પરિણામ વગરના ઘોંઘાટની કિંમત છેવટે નિર્દોષોના ખભે જ આવે છે, ક્યારેક ફ્રેક્ચર થયેલાં હાડકાંના રૂપમાં, ક્યારેક હોસ્પિટલના બેડ પર, ક્યારેક કોઈ યુવતીના ડિએક્ટિવેટ થયેલા ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટના રૂપમાં. આ બધા વચ્ચે સોશિયલ મીડિયા પર સાચી-ખોટી માહિતીનો ઓવરલોડ મગજને જાગતું તો રાખે છે, પરંતુ વિચારવા નથી દેતો. આ લખાઈને પૂરું થઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાને પોતાના સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને સરકાર આગળ પગલાં લેશે તેની ખાતરી આપી છે, જેમાં ગુનેગારોને આકરી સજા ફટકારવાની અને ફાસ્ટ-ટ્રેક કોર્ટ્સની વાત છે. દરેક વ્યક્તિ આ મુદ્દાનું ગાંભીર્ય જાણે છે અને Gen Z તો કદાચ વધુ સારી રીતે જાણે છે. એટલે જ આ ગાંભીર્ય જળવાઈ રહે તે જરૂરી છે. મુદ્દાઓ મીમ બનીને ન રહી જાય. જે મંત્રી પાસેથી રાજીનામું માગવામાં આવી રહ્યું છે, તેમણે એક સમયે ઓડિશાના સચિવાલયની બહાર આ જ જવાબદારીની માગણી કરતાં કરતાં લોહી વહેવડાવ્યું હતું. આ આખી વાતમાં કોઈએ બેરિકેડની બીજી બાજુ ઊભા રહેવાના પોતાના અનુભવમાંથી બહુ કંઈ શીખ્યું હોય એવું લાગતું નથી. એક વાત એ પણ કે આપણને કોઈ ગમે કે ન ગમે, પરંતુ સત્તા પર બેઠેલા વ્યક્તિને વખોડવા માટે સાવ નિમ્ન સ્તરની ભાષા કે ગંદી ગાળનો પ્રયોગ કરીને વાયરલ થવામાં આંદોલનના મિજાજ કે આક્રોશને ન્યાય મળતો નથી; બલ્કે તેનું ગાંભીર્ય છીનવી લઈને તેને તુચ્છ બનાવી દે છે. જ્વાળાઓ તપાવે, દઝાડે અને નવા આકારમાં ઢાળે, તે જરૂરી છે; પરંતુ આગ ઓકાય અને આહુતિ માટે પ્રગટે, એમાં આસમાન-જમીનનો ફેર છે.

***(આ છપાય ત્યાં સુધીમાં પરિસ્થિતિ બદલાઈ હોય તેવી શક્યતા અને અપેક્ષા બન્ને છે.)***

# Gen-Zના અવાજને દબાવવાથી એ વધુ બુલંદ બનશે

આખરે સરકારે પોતાની પાસે જે હથિયાર હતું તે ઉગામીને સોનમ વાંગચુક અને અભિજિત દીપકેને તેમની હેસિયતનું ભાન કરાવવાની ભૂલ કરી જ દીધી છે. જે થયું તે અપેક્ષિત જ હતું. બલકે ખુદ એ બેઉ મનોમન તો ઊંડે-ઊંડે આવી જ અપેક્ષા પણ રાખતા હશે. અદાલત આદેશ ન આપે તો પણ શાસન કરતા અધિષ્ઠાતાને પોતાની વ્યક્તિગત ઈમેજ પર કોઈ નાગરિકનાં લોહીછાંટણાં થોડાં જીરવાય?

સરકારે કોર્ટના આદેશનો હવાલો આપીને ઉપવાસ પર બેઠેલા 'શખ્સ' સોનમ વાંગચુકને સફેદ ચાદરોની ઝોળીમાં ઉઠાવી, જાણે કોઈ ગાંસડી ખસેડતાં હોય એમ, સફદરજંગ હોસ્પિટલમાં ઠૂંસી દીધા હતા. ત્યાં પણ ઉપવાસ ચાલુ રાખવાની જીદ પકડી રાખતાં, પછી તેમની પત્નીની ઈચ્છા મુજબ તેમને ખાનગી હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં આવ્યા છે. આખરે સત્તા નાગરિકજીવનની સુવિધા અને સુરક્ષાના બળે જ ટકે છે.

એ સાચું કે ગાંધીજી અને વાંગચુક વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. છોકરાં નથી સમજતાં, પણ સરકાર ચલાવી રહેલા બે ગુજરાતી નેતાઓ તો આ વાત બરાબર જાણે છે. જોકે નવી પેઢીને પણ જીવના જોખમે આંદોલન ટકાવી રાખવા માટે એક રોલ મોડેલની જરૂર તો હતી જ.

ગાંધીજી તેમની મૂઠી હાડકાંની કાયામાં પ્રચંડ બ્રિટિશ શાસનને હંફાવવાની તાકાત ધરાવતા લોકનાયક હતા. તેમની એક હાકલ પર આખો દેશ આળસ મરડીને ઊભો થઈ જતો અને તેમના કાર્યક્રમનાં સારાં-માઠાં પરિણામોની ચિંતા કર્યા વગર, નર્મદના શબ્દોમાં કહીએ તો, 'યા હોમ કરીને' કૂદી પડતો. પરદેશી અંગ્રેજ સરકાર પણ તેમના આંદોલનનાં આગોતરાં પરિણામો સૂંઘી શકતી હતી અને એટલે શરૂઆતમાં જ સામે ચાલીને સમાધાનનો માર્ગ શોધવા સક્રિય બની જતી. આખરે પ્રજા ગાંધીજીની હાકલના જવાબમાં રસ્તા પર ઊતરી આવે અને આંદોલન સામે બિનજરૂરી બળપ્રયોગ કરવાની નોબત આવે તેના કરતાં પાણી પહેલાં પાળ બાંધવામાં જ શાણપણ જોતી.

આપણી દેશી ગુજરાતીમાં એક કહેવત છે. એ મુજબ સોનમ વાંગચુકનો ઉપવાસ-સત્યાગ્રહ 'મિયાંના વાદે બીબીએ ચણા ખાવા' જેવી ઘટના લાગે. મિયાંના દાંત મજબૂત હતા એટલે તેઓ તો કઠણ લોખંડના ચણા પણ ભચડ-ભચડ ખાઈ શકતા હતા. બીબીને તેમની હરીફાઈ ભારે પડશે એવું લાગી રહ્યું છે. ઉપર મોદી સરકાર બેઠી છે, ગાંધીજી વખતની અંગ્રેજ સરકાર નથી – એટલું તેઓ નથી સમજતા. પરંતુ તેથી વાંગચુકને આપણે નજરઅંદાજ ન કરવા જોઈએ. એક બૂઠું થઈ ગયેલું અને વખારે નંખાઈ ગયેલું હથિયાર લઈને તેમણે સરકાર નામના ખૂંખાર હિંસક પ્રાણી સામે મોટા ઉપાડે બાથ ભીડી છે. તેથી પરિણામ તો મળવાનું જ નથી, એવી શાણા અને સંજોગો સાથે સમાધાન કેળવવાની કળા જાણનાર એકવીસમી સદીના ભારતીય પ્રજાજનોને પાકી ખાતરી હતી. એટલે છોકરડાંની રોકકળ કે કાગારોળ થોડા દિવસ ચાલે તો ભલે ચાલે, પણ તેનું કશું જ પરિણામ નહીં મળે એવી તેમના વાલીઓને પણ ખાતરી હશે જ.

વીસમી તારીખે સંસદ સુધી કૂચ કરવાની ઈચ્છા ધરાવતા વાંગચુકને એ તક મળી નહીં. તેઓ હવે હોસ્પિટલમાં 'સરકારી સારવાર' હેઠળ હતા અને છતાં તેમણે કોઈ પણ પ્રકારની સારવાર નહીં લેવાની તથા ઉપવાસ ચાલુ રાખવાની જીદ પકડી રાખી હતી. ડૉક્ટરો બળજબરીપૂર્વક તેમને ડ્રિપ ચડાવી શકે એમ હતા, પણ દર્દી જાતે સંમતિ ન



**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

આપે તો એ તેના મૂળભૂત અધિકાર વિરુદ્ધનું કૃત્ય ગણાત. જોકે તેમના વાઈટલ ઑર્ગન્સ નબળાં પડી જશે તો કોર્ટની પરવાનગી મેળવી તેમને એ બધી જ સારવાર આપવામાં આવશે, જે તેમને મરતા બચાવવા અનિવાર્ય ગણાય. તેઓ મરી જાય તો સરકારને ઘણાં મોંઘા પડે એમ છે.

**આખરે લોકો જ લોકતંત્રની કરોડરજ્જુ સમાન છે એટલે ચૂંટાયેલી સરકાર તેમની માગણીઓની સદંતર ઉપેક્ષા તો ન જ કરી શકે**

અંગત રીતે હું આ પ્રકારની મરી જવાની જીદનો કટ્ટર વિરોધી છું. જીવનને હોડમાં મૂકીને ઉદ્દેશ સિદ્ધ કરવો એ ખરેખર ગેરકાનૂની કૃત્ય ગણાવવું જોઈએ. આપણા પૂર્વજોએ તેને માનવીનો અંગત અધિકાર ગણી ખોટી રીતે મહિમામંડિત કર્યો છે. ખરેખર તો એ જાત સાથે આચરેલી હિંસા ગણાય, જે હિંસાની પરાકાષ્ઠા છે.

કોર્ટે તંત્રને વાંગચુકને કોઈ પણ સંજોગોમાં બચાવવાનો પ્રયાસ કરવાનો આદેશ આપ્યો હતો અને દિલ્હી પોલીસે પોતાની સૂઝબૂઝ મુજબ તેનો અમલ કરીને તેમને નામાંકિત સરકારી હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. વાંગચુકનાં ધર્મપત્નીએ તેમને પોતાની રીતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની માગણી કરી, તે પણ કોર્ટે આખરે માન્ય રાખી છે. માણસ ગમે તેવા ઉમદા અને ઉદાત્ત મુદ્દે પણ જીવ હોડમાં મૂકવા માગે તો તેને એમ કરતાં રોકીને તેની માગણીઓ વિશે વિચાર-વિમર્શ કરવામાં આવે એ જ ઉત્તમ માર્ગ છે. આખરે લોકો જ લોકતંત્રની કરોડરજ્જુ સમાન છે એટલે ચૂંટાયેલી સરકાર તેમની માગણીઓની સદંતર ઉપેક્ષા તો ન જ કરી શકે. એથી સતત મૌન રહીને આંદોલનની ઉપેક્ષા કરતા રહેલા વડાપ્રધાનને પણ નીટ પેપર લીક કૌભાંડમાં સંડોવાયેલા ગુનેગારોને સખત સજા થશે એવું નિવેદન કરવું પડ્યું છે અને આંદોલન કરતા વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે વાત કરવા મંત્રીમંડળના નક્કર જેવા વજનદાર સભ્યને અધિકાર આપવો પડ્યો છે. જોકે તેમની સાથેની મુલાકાતથી આંદોલનકારીઓ સંતુષ્ટ નથી થયા. પહેલાં તેઓ એકલા શિક્ષણપ્રધાનનું રાજીનામું માગી રહ્યા હતા. હવે તો તેઓ વડાપ્રધાનનું પણ રાજીનામું માગવા લાગ્યા છે.

આંદોલન વિશે તજજ્ઞોમાં ઘણી દ્વિધા પ્રવર્તે છે, એ મુદ્દો પણ નજરઅંદાજ ન કરવો જોઈએ. અભિજિત દીપકેના ઓચિંતા આંદોલનને શંકાની નજરે જોનારા એમ માને છે કે આ ખુદ શાસક સરકાર દ્વારા ઊભું કરાયેલું આંદોલન હોય તો નવાઈ નહીં. રાહુલ ગાંધી દેશના ખૂણે-ખૂણે ફરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને થઈ રહેલા અન્યાય સામે બુલંદ અવાજ ઉઠાવી રહ્યા છે. મીડિયા તેની નોંધ નથી લેતું અને જંતર-મંતર પર ભેગા થયેલા થોડા યુવાનોના મસીહા તરીકે સોનમ વાંગચુક અને અભિજિત દીપકેને લાઈમલાઈટમાં રાખે છે.

ઓછામાં પૂરું, સોનમ સાથે દીપકેની મુલાકાત દિલ્હીના પૂર્વ ઉપરાજ્યપાલ રહી ચૂકેલા મહાનુભાવે કરાવી હતી. તેથી આ આખો ઉપક્રમ કેન્દ્ર સરકારના ઈશારે ઊભો કરાયો હોય એવી શંકા પણ કેટલાક રાજકીય વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

...અનુસંધાન પાના નં. 4 પર

## સિલી પોઈંટ

